**પલસાણા પો.સ્ટે. સી પાર્ટ ગુના રજી નં.૧૧૨૧૪૦–૪૬૨૬–૦૩૮૫/૨૬ ના કામે ક્રિ .પરચુ.અરજ નં.૫૮/૨૬ ના કામે આરોપી કોજારામ હીરારામ જાટની જામીન અરજી તળે હુકમ**

(૧) જામીન અરજી, એફ.આઈ.આર. તથા પોલીસ પેપર્સ વંચાણે લીધા. વિ.સ્પે.પી.પી.શ્રીનો શેરો ધ્યાને લીધો.

(૨) આ કામે આરોપીના વિ.વ.શ્રી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે આરોપીનો આ પ્રથમ ગુનો છે તેમજ અત્રેની અદાલતને સદરહુ ગુનામાં જામીન ઉપર મુકત કરવાની સત્તા હોઈ તેમજ આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ ન હોઈ , ટ્રાયલ સમય દરમ્યાન હાજર રહે તેમ હોઈ આરોપીની જામીન અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે સદરહુ ગુનામાં રૂા.૧૯,૮૦,૦૦૦/– નો મુદ્દામાલ આરોપીના પઝેશનમાંથી કબજે કરવામાં આવેલ છે. આમ, આ કામના આરોપી સામે દયાની દ્રષ્ટિએ જોઈ શકાય નહી તેમજ જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આવો ગુનો કરે તેવી શકયતા રહેલી હોઈ આ કામના આરોપીની જામીન અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

- આ કામના આરોપીની જામીન અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૯ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

તા.૦૯/૦૩/૨૬ ( વિમલ પ્રદીપભાઈ આચાર્ય )

પલસાણા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.,

પલસાણા.